---

**અમદાવાદના મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નંબરઃ૨ સમક્ષ.**

---

**ફોજદારી કેસ નં.૩૩૭૮૬/૨૦**

**<u>આંક.૧ અન્વયે હુકમ</u>.**

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કચેરીના નોટીફીકેશન નંબરઃ૬/૨૦૨૧, તારીખઃ૨૨/૧૧/૨૦૨૧ મુજબ, આજ રોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

**(૧).** સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, સીઆરપીસી કલમ–૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફરમેશન રીપોર્ટ(એફ.આઈ.આર) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સી. ની કલમ–૧૮૮, એપેડેમીક ડિસીઝ એકટની કલમ–૦૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબના ગુન્હાનું ચાર્જસીટ રજૂ કરેલ છે.

**(૨).** સીઆરપીસી કલમ–૧૯૫ મુજબ આઈ.પી.સી. કલમ–૧૭૨ થી ૧૮૮(બંને કલમો સહિત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારે જ લઈ શકાય કે જયારે સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપરલા અધિકારી) ની **<u>લેખિત ફરિયાદ વગર લઈ શકાશે નહી</u>**. એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.

– એપેડેમીક ડિસીઝ એકટ કલમ–૦૩ મુજબ ગુનાના ભંગ બદલ આઈ.પી.સી. કલમ–૧૮૮ મુજબના ગુના સંબંધે કાર્યવાહી કરવા જોગવાઈ કરવામાં આવેલી છે તે જ રીતે :–

– ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) માં પણ એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તે ફરિયાદ કરી શકે અથવા કોઈ વ્યકિત આવા ગુન્હા સંબંધે ફરિયાદ કરવા માંગે છે તેવા ઈરાદા સાથે નિયત કરેલા નમુનામાં ૩૦ દિવસથી ઓછા સમયની ન હોય તેવી નોટીસ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને આવી નોટીસ આપ્યા બાદ ફરિયાદ કરી શકે છે, આ જોગવાઈઓનું પાલન કર્યા વગર અદાલત ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકતી નથી. હાલના કેસમાં કોઈ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને ડિઝાસ્ટાર મેનેજમેન્ટની કલમ–૬૦ ના કલોઝ(એ) મુજબની કોઈ ફરિયાદ કરવામા આવેલ નથી કે અન્ય કોઈ વ્યકિતએ આ અધિનિયમની (બી) મુજબની પ્રક્રિયા કર્યા ફરિયાદ કરેલ નથી. આમ સદર કાયદાની ફરજીયાત જોગવાઈઓનું પાલન પણ આ કેસમાં થયેલ નથી.

**(૩).** નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જયવંતસિંહ ફલજીભાઈ વિરુધ્ધ ગુજરાત રાજયના કેસમાં તા.૯/૧૨/૨૦૦૩ ના ચુકાદામાં "<u>આઈ.પી.સી. ની કલમ–૧૮૮ કોગ્નીઝેબલ હોવાનું નામદાર અદાલતે અવલોકન કરેલ છે</u>."

– કોગ્નીઝેબલ ગુન્હો એટલે કે જેમાં પોલીસ વોરન્ટ વગર આરોપીની ઘરપકડ કરી શકે તપાસ કરી શકે તેવો ગુન્હો પરંતુ સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ માં આ સામાન્ય જોગવાઈઓ કલમ–૧૯૫ ની <u>સામાન્ય બાધ</u>(અપવાદ) કરવામાં આવેલ છે તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ.પી.સી.ની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહિત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારે જ લઈ શકાય કે જયારે સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **<u>લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી</u>**. આમ, એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલ હોય એટલા માત્રથી સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ ની ફરજીયાત જોગવાઈનો બાધ નડે નહી તેવું માની શકાય નહી.

**(૪).** <u>નામદાર સુપ્રિમ કોર્ટે</u> (૧).એમ.એસ.અહલ્લાવત વિરુધ્ધ હરિયાણા,એ.આઈ.આર.૨૦૦૦(સુ.કો.)પેજ નં.૧૬૮, (૨)દોલતરામ વિરુધ્ધ પંજાબ રાજય, એ.આઈ.આર. ૧૯૬૨ (સુ.કો.)પેજ નં. ૧૨૦૬, (૩)બબીતાલીલા વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા, એસ.એલ.પી.(ક્રીમીનલ)૧૪૭૪/૨૦૧૨, (૪) મુનીઅપ્ન અને બીજા વિરુધ્ધ તામીલનાડુ રાજય, ક્રીમીનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮, તેમજ <u>નામદાર ગુજરાત હાઈકોર્ટે</u>. (૧) બેચરવાલા વિરુધ્ધ ગુજરાત રાજય, ક્રીમીનલ મીસીનીયસ અપીલ નં.૫૦૯/૨૦૦૧, (૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરુધ્ધ ગુજરાત રાજય, ક્રીમીનલ મીસીનીયસ અપીલ નં. ૩૪૮/૧૯૯૫, (૩) અરૂણધતી ભટ્ટાચાર્ય વિરુધ્ધ ગુજરાત રાજય, ક્રીમીનલ મીસીનીયસ અપીલ નં. ૧૭૨૮૬/૨૦૧૭, (૪) ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧), જી.એલ.એચ.પેજ નં.૬૩ ના કેસ લોમાં એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે, The provisions of Section-195 Cr.P.C. are mandatory and Non-compliance of it would vitiate the prosecution and all other

consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void abinitio being without jurisdiction. નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે હલ્લાશેવ વિરુધ્ધ મહારાષ્ટ્ર રાજય, ક્રીમીનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે. "We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report."

**(૫).** નામદાર સુપ્રિમ કોર્ટ, પંકજ અગ્રવાલ વિરુધ્ધ દિલ્લી રાજય, ૨૦૦૧(૩), ક્રાઈમ્સ (સુપ્રિમ કોર્ટ), પેજ નં. ૩૬૧ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે કાંઘલ સરમણ જાડેજા વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૯(૨), જી.એલ.આર. પેજ નં. ૧૪૬૨ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, જયારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગ જ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુન્હાને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ નો બાધ નડતો નથી, પરંતુ જયારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુન્હામાં સ પષ્ટ રીતે સી.આર.પી.સી. કલમ–૧૯૫ છે અને આવા ગુન્હાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, કમિશનરશ્રીના જાહેરનામાના ભંગ થતાં ચાર્જસીટમાં દર્શાવવામાં આવેલા ગુન્હા થયેલ છે તેવો પોલીસનો કેસ છે, કેસની વિષય વસ્તુ ધ્યાન સમક્ષ રાખતા આ ગુન્હાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલા છે. એવી રીતે ઈન્ટર કનેકટેડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી આથી નામદાર સુપ્રિમ કોર્ટે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત પેરામાં દર્શાવેલા ચુકાદાઓમાં કરવામાં આવેલા અવલોકનો ધ્યાને લેતાં હાલના કેસમાં સી.આર.પી.સી.કલમ–૧૯૫ ની કાયદાકીય ફરજીયાત જોગવાઈનો બાધ નડે છે આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી બાજુએ સરકયુલર નં. ડી.૨૯૧૨–૧૩/૨૦૧૭, તા: ૨૯/૭/૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે, આમ છતાં આ કાર્યવાહી ચલાવવામાં આવે તો તે હકૂમત વિનાની સમગ્ર કાર્યવાહીને દૂષિત કરતી અનિયમશર્તાઓ સી.આર.પી.સી. કલમ–૪૬૧(આઈ) મુજબ ગણાય છે જે void ab-initio ગણાય છે. – નામદાર સુપ્રિમ કોર્ટે કે.પ્રભાકર રાવ વિરુધ્ધ આંધ્રપ્રદેશ રાજય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ. પેજ નં. ૬૩ તેમજ રેણુકા વિરુધ્ધ કર્ણાટકા રાજય ૨૦૦૯ ક્રીમીનલ લો જનરલ ૨૨૪૫ (સુપ્રિમ કોર્ટ) ના ચુકાદા ધ્યાન સમક્ષ રાખી હાલના કેસમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલમાં જાહેર કરવામાં આવેલ છે.

**<u>હુકમ</u>**

સી.આર.પી.સી.કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરુધ્ધ આઈ.પી.સી.ની કલમ–૧૮૮, એપેડેમીક ડિસીઝ એકટની કલમ–૩ તથા ડીઝાસ્ટાર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) તથા જી.પી.એકટ કલમ–૧૩૧ મુજબના ગુન્હાની <u>કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે</u>.

અધિકૃત ઓથોરીટીને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫(૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરવાની સ્વતંત્રતા રહેશે (<u>એટલે કે, ફરી કેસ દાખલ કરી શકશે</u>).

મુદ્દામાલ અંગે અગાઉ કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૧૧મી ડીસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

તા:૧૧/૧૨/૨૦૨૧.
અમદાવાદ.

(એમ.વાય.રાધનપુરવાલા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર: ૨, ઘી કાંટા, અમદાવાદ.
યુનીક કોડ નં: જીજે.૦૦૭૩૪